Extra No. 140

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, MAY 26, 2026 / JYAISTHA 5, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી,સી અન્વયે કાઢેલ

ક્રમાંક:ટ્રાફિક/હજીરા/ભારે વાહન-પ્રતિબંધ જાહેરનામું/૩૫૧૦/૨૦૨૬- સુરત શહેર, હજીરા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ONGC કંપની, કૃભકો કંપની, HPCL કંપની, BPCL કંપની, GSPL કંપની, IOCL કંપની, ગેલ કંપની, રિલાયન્સ કંપની, L & T કંપની, AM/NS કંપની, સેલ કંપની, અદાણી પોર્ટ, વેદાંતા કંપની, અદાણી વિલ્મર કંપની, નુવાકો સિમેન્ટ વિગેરે ઔદ્યોગિક એકમો આવેલ છે. આ હજીરા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર-૫૩ પસાર થાય છે અને હજીરા ઔદ્યોગિક એકમ વિસ્તાર હોવાથી પ્રતિદિન આશરે ૪૫૦૦૦ ભારે વાહનો તેમજ ૧૦૦૦૦૦ લોકોની અવર-જવર થતી હોવાથી સુરત શહેરમાં વધતા જતાં અકસ્માતો ઉપર નિયંત્રણ કેળવવા તથા જાહેર જનતાની સલામતી જળવાઇ રહે અને સુલેહ-શાંતિનો ભંગ ન થાય તેમજ અસુવિધા, ભય અને અડચણ દુર કરી ટ્રાફિકનું નિયમન સરળ, સુચારૂ અને સલામત રીતે થાય તેમજ શહેરમાં બનતા પ્રાણઘાતક અકસ્માતો અંકુશમાં લાવી શકાય તે હેતુસર, જાહેર જનતાના હિતાર્થે ભારે વાહનો (ટ્રક, ટ્રેલર, ડમ્પર, ટેન્કર) ONGC સર્કલથી મોરા ત્રણ રસ્તા સર્કલ થઇ ગણપતિ મંદિર સુધી તથા ગણપતિ મંદિરથી મોરા ત્રણ રસ્તા સર્કલ થઇ ONGC સર્કલ સુધી કલાક-૧૭/૧૫ થી કલાક-૧૮/૪૫ વાગ્યા સુધી પ્રવેશ તથા હેરફેર/અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કિંગ કરવા ઉપર તેમજ આંતરીક ગલી રસ્તાનો ઉપયોગ કરી સદર રૂટ ઉપર પ્રવેશ - કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જનહિતાર્થે ખૂબ જ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી, સી મુજબ મને મળેલ સત્તાની રૂએ, સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તારની અંદર ભારે વાહનો (ટ્રક, ટ્રેલર, ડમ્પર, ટેન્કર) પ્રવેશ તથા હેરફેર/અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કિંગ કરવા ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવાના નિર્ણય ઉપર આવેલ છું અને નીચે મુજબનો હુકમ કરું છું.

પ્રતિબંધિત કૃત્ય

હજીરા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા તથા અકસ્માત અંકુશમાં લેવા અર્થે ONGC સર્કલથી મોરા ત્રણ રસ્તા સર્કલ થઇ ગણપતિ મંદિર સુધી તથા ગણપતિ મંદિરથી મોરા ત્રણ રસ્તા સર્કલ થઇ ONGC સર્કલ સુધી કલાક-૧૭/૧૫ થી કલાક-૧૮/૪૫ વાગ્યા સુધી ભારે વાહનો (ટ્રક, ટ્રેલર, ડમ્પર, ટેન્કર) પ્રવેશ, અવર-જવર તથા જાહેર રોડ ઉપર પાર્કિંગ કરવા ઉપર તેમજ આંતરીક ગલી રસ્તાનો ઉપયોગ કરી સદર રૂટ ઉપર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

1) રાજય સરકાર, કેન્દ્ર સરકારની માલિકીના આવશ્યક ચીજવસ્તુની હેરફેર કરતા તથા પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડ, એસ.ટી.બસ/ સીટીબસ/BRTS ના વાહનો.

2) હજીરા ઈન્ડ્રસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલ કંપનીઓમાં ફરજ બજાવતા કર્મચારી/લેબરોને લાવવા-લઈ જતા વાહનો (બસ,મિની બસ).

3) સુરત મહાનગરપાલિકાની માલિકીનાં તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી રાખવામાં આવેલ પીવાના પાણીના ટેન્કરો.

4) સુરત મહાનગરપાલીકા તરફથી રાખવામાં આવેલ શહેરમાંથી કચરાનું વહન કરતા વાહનોને અવર-જવર કરવા પોલીસની પરમીશન લેવાની રહેશે.

5) દુધ વહન કરતા વાહનો તથા સરકારી હોસ્પીટલનાં ભારે માલ વાહક વાહનો.

6) પશુઓને દવાખાને લઈ જતાં વાહનો.

7) ન્યુઝ પ્રિન્ટ તથા વર્તમાનપત્રો (પેપરો) લાવતા તથા લઈ જતા વાહનો.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૧૧/૦૪/૨૦૨૬ નાં કલાક: ૦૦/૦૦ થી અમલમાં આવશે.

આજરોજ તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 17:45:27 IST